

મોદીની 'મન કી બાત'નો ૧૧૧મો એપિસોડ વાંચો પેજ નં. 5


RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

RNI No.: GUJGUJ/2023/87652

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily (Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 01 July 2024, Monday | Page : 10 | Year : 1 | Issue : 218 | Price: 2/-


# મેઘ કહેર

## કેદારનાથ મંદિર પાસે હિમસ્ખલનઃ વરસાદથી દિલ્હીમાં 11નાં મોત, UP, છત્તીસગઢ, રાજસ્થાન, હિમાચલ સહિત 5 રાજ્યોમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ



કેદારનાથ



હરિદ્વાર-ગંગાના પ્રવાહમાં ગાડીઓ તણાઈ




દિલ્હી


ભારત હેડલાઈન, તા.૩૦

દેશભરમાં સતત વરસાદ વચ્ચે રવિવારે ઉત્તરાખંડમાં કેદારનાથ મંદિર પાસે એવલાન્ચ થયું હતું. સવારે ૫ વાગ્યે, મંદિરની પાછળની ટેકરી પર ગાંધી સરોવર પર બરફનો મોટો હિસ્સો સરક્યો. જો કે કોઈ જાનહાનિ થઈ નથી. આ પહેલાં શનિવારે ઉત્તરાખંડના હરિદ્વારમાં ગંગા નદીનું જળસ્તર વધવાને કારણે ૮ વાહનો તણાઈ ગયાં હતાં.

બીજી તરફ ઝારખંડના ગિરિડીહ જિલ્લામાં ચોમાસાના પહેલા વરસાદમાં જ એક નિર્માણાધીન પુલ તૂટી પડ્યો હતો. આ પુલ ગિરિડીહના દેવરી બ્લોકમાં અર્ગા નદી પર ૫.૫ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે. રવિવારે પુલનો ગર્ડર તૂટીને નદીના જોરદાર પ્રવાહમાં પડી ગયો હતો. IMDએ આજે યુપી, ઉત્તરાખંડ, હિમાચલ, પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. આ રાજ્યોમાં ૨ જુલાઈ સુધી ઓરેન્જ એલર્ટ છે. અરૂણાચલ પ્રદેશમાં રેડ એલર્ટ છે. મેઘાલય, અરૂણાચલ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ૩૦ જૂનથી ૩ જુલાઈ વચ્ચે ૬૪.૫થી ૨૦૪.૪ મિમી વરસાદ થવાની સંભાવના છે.

દિલ્હીમાં છેલ્લા બે દિવસમાં વરસાદમાં ૧૧ લોકોના મોત થયા છે. ૨૯ જૂને પણ ૬ મૃતદેહ મળી આવ્યા હતા. સાથે જ એઈમ્સના પાર્કિંગમાં પણ પાણી ભરાઈ ગયાં હતાં.

આસામના ડિબ્રુગઢમાં ભારે વરસાદ બાદ ભારે પાણી ભરાવાને કારણે જનજીવન અસ્તવ્યસ્ત છે. છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદને કારણે અહીં પૂરની સ્થિતિ સર્જાઈ છે. સીઆરપીએફ કેમ્પ, પોલીસ કેમ્પ, લોકોનાં ઘરોમાં પણ પાણી ભરાઈ ગયાં છે, રસ્તાઓ બંધ છે. વીજ પુરવઠો સંપૂર્ણપણે બંધ છે.



## રવીન્દ્ર જાડેજાનું પણ T20માંથી અલવિદા

ભારત હેડલાઈન, તા.૩૦

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ ટ૨૦માંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટથી આની જાહેરાત કરી છે. રોહિત શર્મા, વિરાટ કોહલી પછી હવે જાડેજાએ રિટાયરમેન્ટ લીધું છે. ટીમ ઈન્ડિયાએ રવિવારે બાર્બાડોસમાં સાઉથ આફ્રિકાને ફાઈનલમાં હરાવીને ૧૭ વર્ષ બાદ ટ૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. તેના એક દિવસ પછી જાડેજાએ આ ફોર્મેટમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. ટીમના અન્ય બે દિગ્ગજ ખેલાડીઓ વિરાટ કોહલી અને કેપ્ટન રોહિત શર્માએ ફાઈનલ જીત્યા બાદ તરત જ નિવૃત્તિની જાહેરાત કરી હતી.

## હવે CBSE બોર્ડ વર્ષમાં બે વખત પરીક્ષા યોજશે, કેન્દ્રએ આપી મંજૂરી

ભારત હેડલાઈન, તા.૩૦

કેન્દ્ર સરકારે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે વર્ષમાં બે વખત બોર્ડની પરીક્ષા યોજવા માટે યોજનાને મંજૂરી આપી દીધી છે. આ નવી પેટર્નની બોર્ડની પહેલી પરીક્ષા જાન્યુઆરી, ૨૦૨૬માં અને તે જ સેશનની બીજી પરીક્ષા એપ્રિલ,૨૦૨૬માં યોજવામાં આવશે. કેન્દ્ર સરકારે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે વર્ષમાં બે વખત બોર્ડની પરીક્ષા યોજવા માટે યોજનાને મંજૂરી આપી દીધી છે. આ નવી પેટર્નની બોર્ડની પહેલી પરીક્ષા જાન્યુઆરી, ૨૦૨૬માં અને તે જ સેશનની બીજી પરીક્ષા એપ્રિલ,૨૦૨૬માં યોજવામાં આવશે. અલબત આ સ્કીમ અંતર્ગત હવે પરીક્ષા સંપૂર્ણ સિલેબસના આધારે જ યોજવામાં આવશે અને તે જાન્યુઆરી તથા એપ્રિલ મહિનામાં યોજાશે. મળતી માહિતી પ્રમાણે નવી સ્કીમ વર્ષ ૨૦૨૫-૨૬ના સેશનથી CBSEમાં અમલી બનાવવામાં આવે તેવી યોજના છે.




ટાંકાના બાંધકામમાં ભ્રષ્ટાચાર થયાનો ગ્રામજનોનો આક્ષેપ

## વાજડી વડ ગ્રામ પંચાયતના પટાંગણમાં જ ઝળુંબતો

# મોતનો માંચડો

**પંચાયત હસ્તકના પીવાના પાણીના ટાંકાની હાલત જર્જરિત અવસ્થામાં**

ભારત હેડલાઈન, તા.૩૦

વાજડી વડ ગ્રામ પંચાયતના પટાંગણમાં આવેલ ગ્રામ પંચાયત હસ્તકના પીવાના પાણીના ટાંકાની હાલત જર્જરિત અવસ્થામાં જોવા મળી રહી છે. આ ટાંકામાં પ્લાસ્ટર સાવ ઉખડી ગયેલું અને લોખંડના સળિયા દેખાય રહ્યાં છે. આ ટાંકાના બાંધકામમાં ભ્રષ્ટાચાર આચર્યો હોવાનું સામે આવ્યું છે. ન કરે નારાયણ ને જો આ ટાંકો વરસાદ કે વાવાઝોડાના કારણે ધરાશાયી થયો તો જાનમાલને નુકશાનીની ભીતિ સેવાઈ રહી છે. ગ્રામ પંચાયતના સત્તાધીશો દ્વારા આ ટાંકાની દુર્દશા પરત્વે દુર્લક્ષ્ય સેવામાં આવી રહ્યું છે ત્યારે આ અકસ્માતની ભીતિથી ગ્રામજનોમાં ભયના માહોલ સાથે રોષ ભભૂકી રહ્યો છે. સ્થાનિક ગ્રામજનોની અનેક મૌખીક રજૂઆત છંતા ગ્રામ પંચાયતના સત્તાધીશોના પેટનું પાણી હલતું નથી ત્યારે પીવાના પાણીના આ ટાંકાંને સત્વરે ઉતારી લેવા ગ્રામજનોમાં માંગ ઉથી છે. ગામમાં ઘટનારી દુર્ઘટના સામે ગ્રામ પંચાયતના આંખ આડા કાનની નીતિથી જો દુર્ઘટના ઘટે અને જાન માલની હાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ગ્રામ પંચાયતની રહેશે તેવું ગ્રામ જનો કહી રહ્યાં છે.

**આ ટાંકો વરસાદ કે વાવાઝોડાના કારણે ધરાશાયી થયો તો જવાબદારી કોની?**

**ટાંકામાં પ્લાસ્ટર સાવ ઉખડી ગયેલું અને લોખંડના સળિયા દેખાવા લાગ્યાં.. છંતા ગ્રામ પંચાયતના આંખ આડા કાન**



# સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેરની કાબિલેદાદ કામગીરી

## હોટલ બુકીંગના બહાને ક્રેડિટ કાર્ડથી ફ્રોડ થયેલા રૂ.૧,૯૨,૧૯૭ રકમ અરજદારને પરત અપાવી




## ડોક્યુમેન્ટનો દુરુપયોગ થયેલ હોવાના બહાને ફ્રોડ કોલ કરી, ખોટી ઓળખ આપી, જેનાથી બચવા રૂ.૧૧,૨૭,૩૮૧ પડાવી લીધેલ રકમ પૈકી રૂ.૪,૯૯,૫૦૦ અરજદારને પરત અપાવી

### બ્લુડાર્ટ કુરિયરના બહાને ફ્રોડ થયેલ રકમ અરજદારને પરત અપાવી

### અરજદારને નાણાકીય ફ્રોડમાં ગુમાવેલા રૂ.૩૮૬૮૭ રકમ પરત અપાવી

### વાહન પરીવહનનો ફેક મેમો મોકલી એપીકે ફાઈલ દ્વારા ફોનનો એકસેસ મેળવી અરજદાર સાથે ફ્રોડ કરેલા રકમ પરત અપાવી

### ડ્રીમ ઈલેવનમાં જીતેલી રકમ ઉપાડવાના બહાના હેઠળ ફ્રોડમાં ગયેલા સપુર્ણ રકમ ૪,૦૦,૦૦૦ અરજદારને પરત અપાવી

ભારત હેડલાઈન, તા.૩૦

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રીજેશકુમાર ઝા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહીલ સાહેબનાઓએ રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં રહેતા નાગરીકો કે જેઓ સાયબર ક્રાઈમ ફ્રોડના ભોગ બનનાર નાગરીકો દ્વારા કરવામાં આવેલ ફરીયાદની ઉંડાણપુર્વક તપાસ કરી તેઓને સંપુર્ણ રકમ પરત અપાવવા માટે સુચનાઓ આપેલ જે અન્વયે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેરના મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બી. બસીયા તથા પોલીસ ઈન્સપેકટર એમ.એ.ઝણકાંત, પો.ઈન્સ. આર.જી. પઢિયાર તથા પો.ઈન્સ. કે.જે.મકવાણા નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની નાણાકીય ફ્રોડ ડિટેક્શન ટીમ સતત પ્રયત્નશીલ હોય જે અન્વયે અરજદાર જૂહિ દિનેશભાઈ ભોંસલે ઉ.વ.૨૭ મુંબઈ વાળીને રાજકોટ ખાતે હોટલ બુકીંગના બહાને ક્રેડિટ કાર્ડ માંથી રૂ.૧૯૨૧૯૭/- ફ્રોડથી ટ્રાન્સફર કરી નાખેલ જેથી અરજદારએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેરને અરજી આપતા ટેકનીકલ એનાલીસીસ અને ગહન તપાસના અંતે સુઝબુઝથી અરજદારની ફ્રોડ થયેલ પુરેપુરી રકમ રૂ.૧૯૨૧૯૭/- પરત અપાવેલા છે.

અરજદાર રાજુભાઈ દામજીભાઈ ભંડેરી ઉ.વ.૪૦ વ્યવસાય ખાનગી નોકરી રહે. પ્રણામ સરદાર પટેલ પાર્ક શેરીનં.૦૨ જે.કે.હોલ ની પાછળ ૧૫૦ ફૂટ રીગ રોડ રાજકોટ વાળાઓનું પાર્સલ આવેલ ન હોય બ્લુડાર્ટ કુરિયરના નંબર ગુગલ સર્ચ કરી સંપર્ક કરતા સામેવાળાએ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી રૂ.૧૨૨૫૯૯/- ફ્રોડથી ટ્રાન્સફર કરી નાખેલ જેથી અરજદારએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેરને અરજી આપતા ટેકનીકલ એનાલીસીસ અને ગહન તપાસના અંતે સુઝબુઝથી અરજદારની ફ્રોડ થયેલ રકમ માંથી રૂ.૪૩૦૦૦/- પરત અપાવેલ છે.

અરજદારને કોઈ અજાણ્યા મોબાઈલ નંબર પરથી વોડાફોન નંબર એક્સપાયર થઈ જશે. તેમ મેસેજ આવેલ બાદ અરજદારના તેમના મોબાઈલ નંબર પર આવતા કોલ અન્ય મોબાઈલ પર ફોરવર્ડ થતા હતા તે સમય દરમ્યાન અરજદારના મોબાઈલ પર બેંકમાંથી ટ્રાન્જેકશન થયાના ઓટીપી આવેલ જે ટ્રાન્જેક્શન તેઓએ કરેલ ન હતા બાદ તેઓના એસબીઆઈ અને એક્સીજ બેંક એકાઉન્ટમાંથી અલગ અલગ કુલ રૂ.૯૬,૦૦૦ /- ઉપડી ગયાના મેસેજ તેમના મોબાઈલ પર આવેલ હોય જેથી તેઓ તુરતજ બન્ને બેંક મા જઈ ને બેંક ખાતા બંધ કર્યા બાદ તેઓની સાથે ફ્રોડ થયાની જાણ થતા તેઓએ સાયબર ક્રાઈમ નાણાકીય છેતરપીંડી સંબંધે હેલ્પલાઈન નંબર પર ફોન કરીને આશ્વત પોર્ટલ પર અરજી આપતા રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અરજદારના ગયેલ નાણા પૈકી સામાવાળાના બેંક એકાઉન્ટસ સીઝ કરી દેતા તે નાણા સામાવાળાના બેંક એકાઉન્ટમા બ્લોક થઈ જતા અરજદારને કોર્ટમા અરજી કરાવી અને કોર્ટ હુકમ દ્વારા અરજદાર સાથે થયેલ ફ્રોડમાં ગયેલ નાણા ટોટલ નાણા સામેવાળાના બેંક એકાઉન્ટ માથી અરજદારના બેંક એકાઉન્ટ્સા રૂ. ૩૮,૬૮૭/- પો. ઈન્સ. કે.જે.મકવાણા, પો.હેડ.કોન્સ. હરીભાઈ સોંદરવા, પોલીસ કોન્સ. અલ્પાબેન ડાંગરએ પરત અપાવેલ છે.

# ગુજરાતમાં મેઘ મહેર અનરાધાર

## રાજ્યના ૧૬૪ તાલુકામાં વરસાદ, પલસાણા, બારડોલી, સુરત અને વાપીમાં ભારે વરસાદ



ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી, ભાવનગર, અમરેલી, બોટાદમાં **ઓરેન્જ એલર્ટ** તો બનાસકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, દ્વારકા, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં **યલ્લો એલર્ટ**

**૬ ઇંચ વરસાદથી સુરતમાં જળબંબાકારથી અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ, બોટ દોડતી થઈ**

ભારત હેડલાઇન, તા.૧

ગુજરાતમાં આજે સવારે ૬ વાગ્યાથી અનરાધાર મેઘ મહેર જોવા મળી રહી છે. સવારના ૬ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી રાજ્યના ૧૬૪ તાલુકામાં હળવોથી ભારે વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ પલસાણા, બારડોલી, સુરત શહેર અને વાપીમાં પડ્યો છે. પલસાણામાં ૫.૮, બારડોલીમાં ૫.૧, સુરત શહેરમાં ૪.૭, વાપીમાં ૪.૬, મહુવા(સુરત)માં ૪.૬, કામરેજમાં ૪.૫ વરસાદ વરસ્યો છે.

૨૩ તાલુકામાં ૨.૧થી ૫.૮ ઇંચ વરસાદ વરસ્યો છે. જેમાં પલસાણામાં ૫.૮, બારડોલીમાં ૫.૧, સુરત શહેરમાં ૪.૭, વાપીમાં ૪.૬, મહુવા(સુરત)માં ૪.૬, કામરેજમાં ૪.૫, ઓલપાડમાં ૪.૪, વલસાડમાં ૪, કપરાડામાં ૩.૫, ભરૂચ અને ખેરગામમાં ૩.૪, ધરમપુરમાં ૨.૮, મોરબીમાં ૨.૭, ઉમરપાડા અને હાંસોટમાં ૨.૩, નવસારીમાં ૨.૨, જલાલપોર, ગણદેવી, સોનગઢ, વાલોડ, વાગરા, માંડવી(સુરત) અને સંખેડામાં ૨.૧ ઇંચ વરસાદ વરસ્યો છે.

૩૨ તાલુકામાં ૧થી ૨ ઇંચ વરસાદ વરસ્યો છે. જેમાં વ્યારામાં ૨ ઇંચ, ઘનસુરામાં ૨, અંકલેશ્વરમાં ૧.૯, ડોલવણમાં ૧.૯, ચીખલીમાં ૧.૮, બોડેલીમાં ૧.૭, માંગરોળમાં ૧.૭, વલભીપુર અન નાંદોદમાં ૧.૬, વઘઇ, પારડી, ધોરાજી, ઉમરાળા, વાંસદામાં ૧.૫, માતરમાં ૧.૪, દ્વારકા, જામકંડોરણા, વાલિયા, આહવા, ઉમરગામમાં ૧.૩, ભુજ, સુબિરમાં ૧.૨, પાદરા, જાંબુઘોડા, નેત્રંગ, ગાંધીધામ, જેતપુર, તિલકવાડા, ઝગડિયા, અમદાવાદ શહેર, ધોલેરા અને ટંકારામાં ૧ ઇંચ વરસાદ વરસ્યો છે. ૪૦ તાલુકામાં ૨૪થી ૧૦ મિ.મી. વરસાદ વરસ્યો છે. જેમાં કુંકાવાવ, ડભોઇ, ગઢડામાં ૨૪-૨૪ મિ.મી., પેટલાદમાં ૨૩, ચોર્યાસીમાં ૨૨, કડી અને તળાજામાં ૨૧ મિ.મી., ઘોઘા, સિનોર, હળવદ, બરવાળામાં ૨૦ મિ.મી., દહેગામ, બાબરા, હાલોલ અને જંબુસરમાં ૧૮ મિ.મી., લાઠી, ડેડિયાપાડા, કુકરમુંડામાં ૧૭ મિ.મી., ચુડા, ખેડામાં ૧૬ મિ.મી., ગોંડલ, શિહોર, પાલિતાણા અને ભીલોડામાં૧૫-૧૫ મિ.મી. વરસાદ વરસ્યો છે.

૬૯ તાલુકામાં બપોરે ૨ વાગ્યા સુધીમાં ૧૦ મિ.મી.થી ઓછો વરસાદ વરસ્યો છે. જેમાં કઠલાલ, નિઝર, કલ્યાણપુર, નસવાડીમાં ૯-૯ મિ.મી., ધોળકા, અમરેલી, બગસરા, ભાવનગરમાં ૮-૮ મિ.મી., દસ્ક્રોઇ, લોધિકા, ગારિયાધાર, ઉમરેઠ, નડિયાદ, કાલોલ, ખંભાળિયામાં ૭-૭ મિ.મી. વરસાદ વરસ્યો છે.

સુરત શહેરમાં મોડી રાતથી મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યાં છે. સુરતમાં સાંજ સુધીમાં સરેરાશ છ ઇંચ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થતાં વાહનચાલકો અને લોકો મુશ્કેલીમાં મૂકાયા છે. આ સાથે જ નીચાણવાળા વિસ્તારોમાં વધુ પાણી ભરાતા તંત્રએ રેસ્ક્યૂની કામગીરી શરૂ કરી છે. ભારે વરસાદને કારણે સુરતના જન-જીવન પર ભારે અસર જોવા મળી રહી છે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં સાર્વત્રિક વરસાદ

### મોરબી, ધોરાજી, વલભીપુર, ઉમરાળા અને જામકંડોરણામાં ધોધમાર વરસ્યો

સૌરાષ્ટ્ર અને કચ્છમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. સાંજ સુધીમાં મોટભાગના જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. જેમાં મોરબીમાં ૨.૭ ઇંચ, ધોરાજીમાં ૧.૫ ઇંચ, જામકંડોરણામાં ૧.૩ ઇંચ અને જેતપુરમાં ૧.૧ ઇંચ, વલભીપુરમાં ૧.૬ ઇંચ, ઉમરાળામાં ૧.૫ ઇંચ, દ્વારકામાં ૧.૩ ઇંચ, ભુજમાં ૧.૨ ઇંચ અને ગાંધીધામમાં ૧.૧ ઇંચ વરસાદ વરસ્યો છે.

જૂનાગઢ જિલ્લામાં માંગરોળમાં ૧૧ મિ.મી., વિસાવદરમાં ૫, વંથલીમાં ૪, જૂનાગઢમાં ૪, જૂનાગઢ શહેરમાં ૪, ભેસાણમાં ૪, માણાવદરમાં ૩ અને મેંદરડામાં ૨ મિ.મી. વરસાદ પડ્યો છે. ભાવનગર જિલ્લામાં વલભીપુરમાં ૧.૬ ઇંચ, ઉમરાળામાં ૧.૫ ઇંચ વરસાદ નોંધાયો છે. જ્યારે તળાજામમાં ૨૧ મિ.મી., ઘોઘામાં ૨૦, શિહોરમાં ૧૫, પાલિતાણામાં ૧૫, ભાવનગરમાં ૮, ગારિયાધારમાં ૭, મહુવામાં ૪ અને જેસરમાં ૧ મિ.મી. વરસાદ પડ્યો છે. અમરલી જિલ્લામાં કુંકાવાવમાં ૨૪ મિ.મી., બાબરામાં ૧૮, લાઠીમાં ૧૭, અમરેલીમાં ૮, બગસરામાં ૮, સાવરકુંડલામાં ૫, રાજુલામાં ૫ અને ધારીમાં ૧ મિ.મી. વરસાદ નોંધાયો છે. સુરેન્દ્રનગરમાં ચૂડામાં ૧૬ મિ.મી., સાયલામાં ૬ મિ.મી. અને લીંબડીમાં ૨ મિ.મી. વરસાદ નોંધાયો છે. પોરબંદર જિલ્લામાં કુતિયાણામાં ૨ મિ.મી. અને રાણાવાવમાં ૧ મિ.મી. વરસાદ વરસ્યો છે. મોરબી જિલ્લામાં મોરબીમાં ૨.૭ ઇંચ જ્યારે ટંકારામાં ૨૫ મિ.મી. અને હળવદમાં ૨૦ મિ.મી. વરસાદ થયો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકામાં ૧.૩ ઇંચ જ્યારે કલ્યાણપુરમાં ૯ મિ.મી. અને ખંભાળિયામાં ૭ મિ.મી. વરસાદ વરસ્યો છે. ગીર સોમનાથ જિલ્લામાં ઉનામાં ૬ મિ.મી. જ્યારે ગીર ગઢડામાં ૫ મિ.મી. વરસાદ વરસ્યો હતો. જામનગર જિલ્લામાં ધ્રોલમાં ૪ મિ.મી. અને લાલપુરમાં ૧ મિ.મી. વરસાદ વરસ્યો છે. કચ્છ જિલ્લામાં ભુજમાં ૧.૨ ઇંચ અને ગાંધીધામમાં ૧.૧ ઇંચ વરસાદ વરસ્યો છે. જ્યારે અંજારમાં ૧૧ મિ.મી., માંડવીમાં ૧૦ અને ભચાઉમાં ૧ મિ.મી. વરસાદ નોંધાયો છે.

### સૈન્ય ઈતિહાસમાં પ્રથમ વખત બે ક્લાસમેટ સેના પ્રમુખ બનશે

# એડમિરલ ત્રિપાઠી બાદ હવે ઉપેન્દ્ર દ્વિવેદી હવે આર્મી ચીફ તરીકે કાર્યભાર સંભાળશે

● બંને પમા ધોરણમાં સાથે ભણતા હતા





ભારત હેડલાઈન, તા.૩૦

બંને મિત્રોની એપોઈન્ટમેન્ટ પણ એક જ સમયે થઈ હતી, જેમાં લગભગ બે મહિનાનો તફાવત હતો. એડમિરલે ૧ મેના રોજ ભારતીય નૌકાદળની કમાન સંભાળી હતી, જ્યારે લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી ૩૦ જૂને ચાર્જ સંભાળશે.

ભારતીય સેનાના ઈતિહાસમાં આ પહેલીવાર છે જ્યારે બે ક્લાસમેટ લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને એડમિરલ દિનેશ ત્રિપાઠી ભારતીય સેના અને નૌકાદળના વડા હશે.

ANIના રિપોર્ટ મુજબ, મધ્ય પ્રદેશની સૈનિક સ્કૂલ રીવાથી આવનાર, નેવી ચીફ એડમિરલ દિનેશ ત્રિપાઠી અને આર્મી ચીફ લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં ધોરણ પમાં સાથે ભણતા હતા.

તેમનો રોલ નંબર પણ નજીકમાં જ હતો. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીનો રોલ નંબર ૯૩૧ હતો અને એડમિરલ ત્રિપાઠીનો રોલ નંબર ૯૩૮ હતો. બંને સ્કૂલના દિવસોથી જ ખૂબ સારા મિત્રો છે. વિવિધ દળોમાં હોવા છતાં, તેઓ હંમેશા સંપર્કમાં રહે છે.

એક સંરક્ષણ અધિકારી, જે બંને અધિકારીઓને નજીકથી જાણે છે, તેમણે કહ્યું કે સેનામાં વરિષ્ઠ નેતૃત્વ પડોશી સેનાઓ વચ્ચેના કાર્યકારી સંબંધોને મજબૂત રાખવામાં મદદ કરે છે.

રક્ષા મંત્રાલયના પ્રવક્તા એ ભારત ભૂષણ બાબુએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું, ''બે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું આ દુર્લભ સન્માન, જેઓ ૫૦ વર્ષ પછી પોતપોતાની સેનાનું નેતૃત્વ કરશે.

બંને સહપાઠીઓની એપોઈન્ટમેન્ટ પણ લગભગ બે મહિનાના અંતર સાથે એક જ સમયે થઈ હતી. એડમિરલ ત્રિપાઠીએ ૧ મેના રોજ ભારતીય નૌકાદળની કમાન સંભાળી હતી, જ્યારે લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી ૩૦ જૂન, રવિવારના રોજ નવો ચાર્જ સંભાળશે.

લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી જનરલ મનોજ પાંડેનું સ્થાન લેશે. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી ૩૦માં આર્મી ચીફ તરીકે કાર્યભાર સંભાળશે. અગાઉ, તેઓ આર્મી સ્ટાફના વાઈસ ચીફ, નોર્ધન આર્મી કમાન્ડર, ડીજી ઈન્ફન્ટ્રી અને આર્મીમાં અન્ય ઘણા કમાન્ડના વડા તરીકે દેશની સેવા કરી ચૂક્યા છે. તેઓ વિવાદિત સરહદી મુદ્દાના ઉકેલ માટે ચીન સાથે ચાલી રહેલી વાતચીતમાં પણ સામેલ હતા.

ટેક્નોલોજીના ઉપયોગ માટે ઉત્સાહી હોવાને કારણે, લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીએ ઉત્તરી કમાન્ડમાં તમામ રેન્કની તકનીકી સીમાઓ વધારવાની દિશામાં કામ કર્યું. તેમણે બિગ ડેટા એનાલિટિક્સ, AI, ક્વોન્ટમ અને બ્લોકચેન-આધારિત ઉકેલો જેવી મહત્વપૂર્ણ અને ઉભરતી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપ્યું.

લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીની બે વિદેશી સોંપણીઓ દરમિયાન, સોમાલિયા હેડક્વાર્ટર UNOSOM II નો એક ભાગ હતું. સેશેલ્સ સરકારના લશ્કરી સલાહકાર તરીકે પણ સેવા આપી હતી. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીએ ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટન અને AWC, મહુ ખાતે હાઈ કમાન્ડના અભ્યાસક્રમમાં પણ હાજરી આપી હતી.

તેમને USAWC, કાર્લિસલ, USA ખાતે પ્રતિષ્ઠિત ફેલોથી નવાજવામાં આવ્યા હતા. તેમણે ડિફેન્સ અને મેનેજમેન્ટ સ્ટડીઝમાં એમફિલની ડિગ્રી મેળવી છે. વધુમાં લશ્કરી વિજ્ઞાનમાં બે માસ્ટર ડિગ્રી છે, જેમાંથી એક USAWC USAની છે.

## એક ગ્રુપ યાનમાં ખામીને કારણે અંતરીક્ષમાં હાલ ફસાયું : નાસા

ભારત હેડલાઈન, તા.૩૦

અમેરિકા દ્વારા સ્પેસ સ્ટેશન પર ખાસ મિશન પર મોકલવામાં આવેલું અંતરિક્ષયાત્રીઓનું એક ગ્રુપ અંતરીક્ષયાનમાં ખામીને કારણે ત્યાં અટવાઈ ગયું છે. ભારતીય મૂળની સુનિતા વિલિયમ્સનો પણ આ અંતરીક્ષયાત્રીઓમાં સમાવેશ થાય છે. સ્ટારલાઈનર કેપ્સ્યુલમાં ખામી સર્જાયા બાદ સુનિતા વિલિયમ્સની વાપસી માટે કેટલી આશા બાકી છે તે અંગે નાસાએ એક મોટું નિવેદન આપ્યું છે. નાસાએ કહ્યું કે, તેના બે અંતરીક્ષયાત્રીઓ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર લાંબા સમય સુધી રોકાશે, કારણ કે તેઓ બોઈંગના નવા સ્પેસ કેપ્સ્યુલમાં યાત્રા દરમિયાન આવતી સમસ્યાઓનું સમાધાન કરી રહ્યા છે. શુક્રવારે યાત્રીઓના પરત ફરવાની કોઈ તારીખ આપી ન હતી, પરંતુ જણાવ્યું હતું કે, ''તેઓ સુરક્ષિત છે.'' નાસાના કોમર્શિયલ ક્રૂ પ્રોગ્રામ મેનેજર સ્ટીવ સ્ટિચે કહ્યું કે, ''અમે પાછા ફરવાની કોઈ ઉતાવળમાં નથી.'' નાસાના અનુભવી પરીક્ષણ પાઈલટ સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર ૫ જૂને બોઈંગના સ્ટારલાઈનરમાં અંતરિક્ષમાં ફરતી પ્રયોગશાળા માટે રવાના થયા હતા. વિલિયમ્સ અને બૂચ વિલ્મોરની સાથે બોઈંગનું 'ક્રૂ ફ્લાઈટ ટેસ્ટ મિશન' વર્ષોના વિલંબ અને નિષ્ફળતાઓ પછી ફ્લોરિડામાં 'કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશન'થી ઉપડ્યું હતું.

### PMએ કહ્યું- ૪ મહિના પછી હું ફરીથી મારા પરિવારની વચ્ચે છું, પેરિસ ઓલિમ્પિક માટે ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી

## 'મન કી બાત'નો ૧૧૧મો એપિસોડ

ભારત હેડલાઈન, તા.૩૦

લોકસભા ચૂંટણીમાં જીત બાદ પહેલીવાર તેઓ 'મન કી બાત' કરી રહ્યા છે. આ કાર્યક્રમનો આ ૧૧૧મો એપિસોડ છે. કાર્યક્રમની શરૂઆતમાં પીએમે કહ્યું કે ચાર મહિના પછી આજે હું ફરીથી મારા પરિવારની વચ્ચે છું. આ દરમિયાન તેમણે પેરિસ ઓલિમ્પિકમાં જનારી ભારતીય ટીમને શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે આ વખતે ઓલિમ્પિકમાં કેટલીક ચીજો પહેલીવાર જોવા મળશે. હું દેશવાસીઓનો આભાર માનું છું કે તેઓએ આપણા બંધારણ અને દેશની લોકશાહી પ્રણાલીમાં તેમનો અતૂટ વિશ્વાસ પુનરોચ્ચાર કર્યો છે. ૨૦૨૪ની ચૂંટણી, વિશ્વની સૌથી મોટી ચૂંટણી હતી. દુનિયાના કોઈપણ દેશમાં આટલી મોટી ચૂંટણી ક્યારેય થઈ નથી, જેમાં ૬૫ કરોડ લોકોએ મતદાન કર્યું હોય. હું ચૂંટણી પંચ અને મતદાન પ્રક્રિયા સાથે જોડાયેલા દરેકને અભિનંદન આપું છું. ૩૦મી જૂન, ખૂબ જ મહત્વપૂર્ણ દિવસ છે. આપણા આદિવાસી ભાઈઓ અને બહેનો આ દિવસને 'હુલ દિવસ' તરીકે ઉજવે છે. આ દિવસ બહાદુર સિદ્ધો-કાન્હુની અદમ્ય હિંમત સાથે જોડાયેલો છે. પેરિસ ઓલિમ્પિક્સ આવતા મહિને આ સમય સુધીમાં શરૂ થશે. હું ભારતીય ટીમને શુભેચ્છા પાઠવું છું. આ વખતે અમારું હેશટેગ છે Cheer4Bharat. આ દ્વારા આપણે આપણા ખેલાડીઓને ઉત્સાહિત કરવા પડશે. ટોક્યોની યાદો હજુ તાજી છે. ત્યારથી અમારા ખેલાડીઓ તૈયારીમાં વ્યસ્ત હતા. ૯૦૦ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. આ વખતે કેટલીક ચીજો પહેલીવાર જોવા મળશે.



# મહાપાલિકા દ્વારા 'મચ્છરો'નું આક્રમણ રોકવા રાબેતા મુજબ 'ફોગિંગ' અભિયાન શરૂ કરાશે!

- સ્ટે.ચેરમેન જયમીન ઠાકર અને આરોગ્ય ચેરમેન કેતન પટેલે વન-ડે, વન વોર્ડ ઝુંબેશનો કાર્યક્રમ કર્યો જાહેર

ભારત હેડલાઈન, તા.૩૦

રાજકોટમાં ચોમાસુ બેસતા મનપાએ મચ્છરોનો ઉપદ્રવ રોકવા તા.૧ જુલાઈથી વોર્ડવાઈઝ ફોગીંગ ઝુંબેશ ચાલુ કરવા જાહેરાત કરી છે. સ્ટે. ચેરમેન જયમીનભાઈ ઠાકર અને આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલે જણાવ્યું હતું કે તાજેતરમાં આરોગ્ય શાખા હસ્તકના અર્બન મેલેરિયા વિભાગને ફોગીંગ




કામગીરી ઝુંબેશરૂપે શહેરના જુદા જુદા વોર્ડ વિસ્તારમાં હાથ ધરવા સુચના આપવામાં આવેલ છે. જે અન્વયે ચોમાસાની ૠતુને અનુસંધાને શહેરના જુદા જુદા વોર્ડ વિસ્તારમાં આરોગ્ય શાખા મેલેરિયા વિભાગ દ્વારા વન ડે-વન વોર્ડ અંતર્ગત વ્હીકલ માઉન્ટેડ ફોગીંગ મશીનથી આગામી તા.૧ થી ૨૫ જુલાઈ સુધી શહેરના જુદા જુદા વોર્ડ વિસ્તારમાં ફોગીંગની કામગીરી કરવામાં આવશે. જે અંતર્ગત વોર્ડ નં.૦૧માં તા.૧, વોર્ડ નં.૨માં તા.૨, વોર્ડ નં.૩માં તા.૩, વોર્ડ નં.૪માં તા.૪, વોર્ડ નં.૫માં , વોર્ડ નં.૬માં તા.૮, વોર્ડ નં.૭માં તા.૯, વોર્ડ નં.૮માં તા.૧૦, વોર્ડ નં.૯માં તા.૧૧, વોર્ડ નં.૧૦માં તા.૧૨, વોર્ડ નં.૧૧માં તા.૧૫, વોર્ડ નં.૧૨માં તા.૧૬, વોર્ડ નં.૧૩માં તા.૧૮, વોર્ડ નં.૧૪માં તા.૧૯, વોર્ડ નં.૧૫માં તા.૨૨, વોર્ડ નં.૧૬માં તા.૨૩, વોર્ડ નં.૧૭માં તા.૨૪ તથા વોર્ડ નં.૧૮માં તા.૨૫ના રોજ શેડ્યુઅલ મુજબ આ પ્રવૃતિ હાથ ધરવામાં આવશે. મચ્છરજન્ય રોગચાળો અટકાયત માટે સાથ સહકાર આપવા બંને પદાધિકારીઓએ અપીલ કરી છે.

# મનપામાં ચીફ ફાયર ઓફિસરનો ચાર્જ ભુજના અનિલ મારૂને સોંપાયો

- ઈન્ચાર્જ ડે. ફાયર ઓફિસર ગઢવી રજા ઉપર ઉતરી ગયા !?
- હવે સીએફઓ પણ ટીપીઓની જેમ ઈન્ચાર્જ : ૭૦થી વધુ અરજીઓનો નિકાલ તુરંતમાં થવાની આશા

ભારત હેડલાઈન, તા.૩૦

રાજકોટ મહાપાલિકામાં ટીઆરપી ગેમઝોન આગ કાંડ બાદ બે મહત્વની શાખા ટાઉન પ્લાનીંગ અને ફાયર ઈમરજન્સી શાખાના



વડાઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. હવે જે રીતે ઈન્ચાર્જ ટીપીઓ મુકવામાં આવ્યા છે તે રીતે સરકારે ઈન્ચાર્જ ફાયર ઓફિસરની નિમણુંક પણ કરી છે. રાજકોટના રીજીયોનલ ફાયર સેન્ટરના ત્રણ વર્ષ ચાર્જ સંભાળનાર અને હાલ કચ્છ જિલ્લાના ચીફ ફાયર ઓફિસર તરીકે ૧૦ વર્ષથી ફરજ બજાવતા મુળભુતના અનિલ બી. મારૂને રાજકોટ કોર્પોરેશનને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. તેમનો ભુજનો વધારાનો હવાલો અન્ય હુકમ ન થાય ત્યાં સુધી ભુજના સ્ટેશન ફાયર ઓફિસર સચિન પરમારને સોંપવાનો હુકમ અધિક કલેકટર, પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકા (રાજકોટ)એ કર્યો છે. હવે નવા ઈન્ચાર્જ ફાયર અધિકારી આવતા ફાયર એનઓસીની કામગીરી આગળ વધશે એમ માનવામાં આવે છે. એનઓસી માટેની સ્કુલ સહિતની ૬૦ થી ૭૦ અરજી પેન્ડીંગ છે. તેનો નિકાલ થવાની આશા છે. જોકે બીજી તરફ વર્ગ-૨ના ડે.ફાયર ઓફિસરનો ચાર્જ જેમને સોંપવામાં આવ્યો છે તે વર્ગ-૩ના કર્મચારી ગઢવી પખવાડીયાની મેડીકલ લીવ પર ગયા છે. તેમને તાત્કાલીક સારવારની જરૂર પડી છે. આમ વર્ગ-૧ના ઈન્ચાર્જ અધિકારી હાજર થયા ત્યાં વર્ગ-૨ના ઈન્ચાર્જ અધિકારી રજા પર ઉતરી ગયા છે.

### લ્યો બોલો, ચાંદ પર જમીનના સોદા કર્યા જેવી રાજકોટની અજીબ ઘટના આવી સામે

# બહુમાળી ભવનનાં પાંચમાં માળે સરકારી કચેરીનો રૂમ બારોબાર ભાડે આપી દેવાયો!?

- બે વર્ષથી ભાડુ વસુલાતુ હતુઃ કલેકટરે તપાસનો આદેશ કર્યો

ભારત હેડલાઈન, તા.૩૦

રાજકોટ શહેરનાં બહુમાળી ભવનની વિવિધ સરકારી કચેરીઓમાં અનેકવાર લોલંલોલ ચાલતુ હોવાનાં કિસ્સા બહાર આવે છે ત્યારે, આવોજ એક વધુ કિસ્સો સામે આવેલ છે. આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ શહેરનાં બહુમાળી ભવનનાં પાંચમા માળે જે-તે સમયે એટલે કે વર્ષ ૨૦૦૭માં નાયબ કાર્યપાલક ઈજનેર ગુણવતા નિયમન કચેરી માટે બે રૂમો ફાળવાયા હતા. આ બે રૂમો પૈકી એક રૂમ કોઈની મંજુરી વિના, બારોબાર છેલ્લા બે વર્ષથી ખાનગી કોમ્પ્યુટર કર્મચારીને ભાડે આપી દેવામાં આવેલ હતો અને તેનું ભાડુ પણ વસુલવામાં આવતુ



હતું. આ અંગેની ફરિયાદ રાજકોટ જિલ્લા કલેકટર સુધી પહોંચતા તેઓએ આ અંગે તપાસનાં આદેશ કર્યા છે અને શહેર માર્ગ મકાન વિભાગને તપાસ કરી રિપોર્ટ આપવા સૂચના આપી છે. આ સુચનાનાં પગલે માર્ગમકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરે તપાસ શરૂ કરી દીધી છે.

# હેડ કવાર્ટરમાં પરેડ દરમ્યાન જ PSIને હાર્ટએટેક આવ્યોઃ સારવારમાં ખસેડાયા

હેડ કવાર્ટરમાં વહેલી સવારે ચાલુ પરેડ દરમ્યાન પીએસઆઈ બી.એચ. પરમારને છાતીમાં દુઃખાવો ઉપડયા બાદ સારવારમાં ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં તેમના પર સર્જરી કરવામાં આવી હતી. હાલ તેમની તબીયત સ્થિર હોવાનું પોલીસ સુત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ હેડ કવાર્ટરમાં દરરોજ પોલીસ સ્ટાફની પરેડ યોજવામાં આવે છે ત્યારે આજે વહેલી સવારે પીએસઆઈ બી.એચ. પરમાર પણ દરરોજની માફક પરેડમાં જોડાયા હતા. તેઓ પરેડ કરી રહ્યા હતા ત્યારે અચાનક જ છાતીમાં તીવ્ર દુઃખાવો ઉપડતા ત્યાં જ બેભાન થઈ ગયા હતા. ત્યાં હાજર ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને સ્ટાફ દ્વારા તેઓને તાત્કાલિક પોલીસ વેન મારફતે પ્રથમ સીવીલ હોસ્પિટલ અને બાદમાં વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં તબીબી નિદાનમાં તેઓને હૃદયની બે વેન બ્લોક આવતા તાત્કાલિક સર્જરી કરવામાં આવી હતી.

### કટારીયા ચોકડીએ અંડરબ્રિજ અને ઓવરબ્રિજ મંજૂર થતાં ટ્રાફિક સમસ્યાથી શહેરીજનોને મળશે મુક્તિ

# નવા રીંગરોડ પર બ્રિજ, ત્રણ પુલ પહોળા કરવા, ખોખળદળ નદી પર બ્રિજ માટે ૧૮૫.૭૯ કરોડ મંજૂર





- **પ્રથમ આઇકોનિક બ્રિજ પ્રોજેક્ટ, તુરંતમાં હાથ ધરાશે ટેન્ડર પ્રક્રિયા : સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર**

ભારત હેડલાઇન, તા.૩૦

મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ફ્લાય ઓવર બ્રિજ હેડ હેઠળ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે મહાનગરમાં ચાર ફ્લાય ઓવર નિર્માણની મહાનગરપાલિકાની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. કુલ રૂ. ૧૮૫.૭૯ કરોડના અંદાજિત ખર્ચે રાજકોટમાં કટારીયા ચોકડી પર અંડરબ્રિજ અને ફ્લાય ઓવર બ્રિજના ફેઝ-૨નું કામ, રૈયા ગામથી સ્માર્ટ સિટીના ડી.પી. રોડ પર વોકળા બ્રિજ નિર્માણ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કટારીયા ચોકડીથી સ્માર્ટ સિટી જતા રોડ પર ત્રણ બ્રિજના વાઈડનીંગ કામ તેમજ ખોખળ દળ નદી ઉપર કોઠારીયા તથા લાપાસરીને જોડતા માર્ગ પર હાઈ લેવલ બ્રિજના કામો મંજૂર કર્યા છે. મહાનગરમાં આગામી પાંચેક વર્ષની ટ્રાફિક સમસ્યા સામે અત્યારથી પ્લાનિંગ કરતી મહાપાલિકાએ બજેટમાં કટારીયા ચોકડીએ બ્રીજનું પ્લાનિંગ જોડયું છે. કટારીયા ચોકડી લાંબા સમયથી ટ્રાફિકના દબાણ હેઠળ છે. નવો રીંગ રોડ હાઈવેને પણ જોડે છે. અહીં ટ્રાફિકના સર્વે બાદ બ્રીજની જરૂરીયાત વર્તાઈ હતી. તેના પગલે અહીં ગોંડલ રોડથી માધાપર તરફની કટારીયા ચોકની જગ્યા અંડરબ્રીજ અને કાલાવડ રોડની દિશામાં ભરૂચ અને સિગ્નેચર બ્રીજ જેવો કેબલ ફલાય ઓવરબ્રીજ બનાવવા પ્રાથમિક ડિઝાઈન તૈયાર કરાઈ છે. જેના પરથી સરકાર ગ્રાન્ટ મંજૂર કરશે. આ ડ્રોઈગ પરથી હવે એસ્ટીમેટ અને ટેન્ડરની પ્રક્રિયા તુરંતમાં શરૂ કરી દેવામાં આવશે તેમ બજેટની યોજનાના રીવ્યુ બાદ સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું. સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ શહેરનો દિન પ્રતિદિન અવિરતપણે વિકાસ થઈ રહ્યો છે. શહેરની હદ વિસ્તારમાં વર્ષ ૨૦૨૦માં માધાપર, મનહરપુર-૧, મોટા મૌવા, મુંજકા અને ઘંટેશ્વર એમ પાંચ ગ્રામ્ય વિસ્તારનો સમાવેશ થયેલ છે. શહેરમાં તથા આસપાસના વિસ્તારમાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ, એઈમ્સ હોસ્પિટલ, નવી ડીસ્ટ્રીકટ કોર્ટ, ઝનાના હોસ્પિટલ, ખાનગી યુનિવર્સીટીઓ, જી.આઈ.ડી.સી., નવા બસપોર્ટ, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વગેરેની સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે. જેના કારણે આસપાસના નાના શહેરો અને ગામડાઓમાંથી ઘણા પરિવારો ધંધા રોજગાર માટે રાજકોટ શહેરમાં વસવાટ કરવા માટે આવી રહ્યા છે. રાજકોટ શહેરમાં છેવાડાના વિસ્તારોનાં વિકાસ તેમજ શહેરની વસ્તીમાં વધારાના કારણે, શહેરીજનોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળે, વાહનોની અવર જવરમાં સરળતા રહે તેમજ પ્રદૂષણમાં ઘટાડો કરવાના હેતુસર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરમાં વધુ ચાર સ્થળોએ રૂ.૧૮૫.૭૯ કરોડના ખર્ચે નવાચાર ઓવરબ્રિજ, અન્ડરબ્રિજનું નિર્માણ કરવા ફેબ્રુઆરી-૨૦૨૪માં રાજ્ય સરકારને દરખાસ્ત મોકલવામાં આવેલ હતી. આ દરખાસ્તને મંજુરીની મ્હોર આપવામાં આવેલ છે. આ દરખાસ્તને મંજૂરી મળતા મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. ચેરમેન જયમીન ઠાકર, કમિશનર ડી.પી.દેસાઈ, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, બાંધકામ કમિટી ચેરમેન ભાવેશભાઈ દેથરીયાએ ભૂપેન્દ્રભાઈ પટેલના સફળ નેતૃત્વવાળી રાજ્ય સરકારનો આભાર માન્યો છે. રાજ્ય સરકાર દ્વારા અગાઉ પણ ટ્રાફિકથી ધમધમતા મુખ્ય ચોક જેવા કે, નાના મૌવા સર્કલ, કે.કે.વી.ચોક ખાતે મલ્ટી લેવલ ફ્લાયઓવરબ્રિજ (શ્રીરામ બ્રિજ), જડુસ ચોક ખાતે ફ્લાયઓવરબ્રિજ, રામાપીર ચોક ખાતે ફ્લાયઓવરબ્રિજ તેમજ હોસ્પિટલ ચોક ખાતે થ્રી આર્મ ફ્લાયઓવરબ્રિજનું નિર્માણ કરાયું છે તો સરકારના માર્ગ અને મકાન વિભાગ, નેશનલ હાઈવે દ્વારા શહેરના એન્ટ્રી પોઈન્ટ માધાપર ચોકડી ખાતે તેમજ ગોંડલ ચોકડી ખાતે ફ્લાયઓવરબ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. શહેરમાં આંતરમાળખાકીય સુવિધાઓ ઉપરાંત રામવન (અર્બન ફોરેસ્ટ), મહાત્મા ગાંધી મ્યુઝીયમ, અટલ સરોવર, રાજકોટ ઝૂઓજીકલ પાર્ક (પ્રદ્યુમન પાર્ક), સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, સ્નાનાગાર, ઓડીટોરીયમ, કોમ્યુનિટી હોલ, લાયબ્રેરી, વિદ્યાર્થી વાંચનાલય, શહેરી ટ્રાન્સપોર્ટેશનમાં ઇલેક્ટ્રિક અને સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આગામી દિવસોમાં શહેરમાં વધુ એક નવું સિમાચિહ્ન એશિયાટિક લાયન સફારી પાર્કનોપણ ઉમેરો થવા જઈ રહ્યો છે. સ્માર્ટ સીટીના સહિતના પ્રોજેકટથી શહેરની વણથંભી વિકાસ યાત્રા વેગવંતી બની છે. કાલાવડ રોડ પર કટારીયા ચોકડીએ અંડરબ્રીજ સાથે ઓવરબ્રીજની આ પ્રકારની પ્રાથમિક ડિઝાઈન બનાવવામાં આવી છે. રાજકોટમાં આ રીતે બે બ્રીજ બનવાના હોય તેવો પ્રથમ પ્રોજેકટ છે. જે ડિઝાઈન ઉપરની તસ્વીરોમાં જોવા મળે છે. આ પ્રોજેકટ મંજૂર કરવા બદલ પદાધિકારીઓએ મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો.

# મવડીની કલ્પના ચાવલા ટાઉનશીપ ફાયર NOC વગરની : નોટીસ અપાતા દોડધામ

- **જેનું પ્રધાનમંત્રીએ લોકાર્પણ કર્યુ છે તેવી ટાઉનશીપમાં બાટલા પણ એકસપાયરી ડેટના !?**

ભારત હેડલાઇન, તા.૩૦

રાજકોટના સ્પીડવેલ પાર્ટી પ્લોટ રોડ પર પેન્ટાગોન એપાર્ટમેન્ટ પાસે આવેલી અને વડાપ્રધાન તથા મુખ્યમંત્રીના હસ્તે ખુલ્લી મુકવામાં આવેલી કલ્પના ચાવલા ટાઉનશીપમાં જ ફાયર એનઓસી નહીં હોવાનો વિવાદ થયો છે. આ અંગે






આવાસ યોજના વિભાગે એસો.ને નોટીસ આપતા રજુઆતો થઇ છે. ૨૦૨૨ના વર્ષમાં આ આવાસ યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પરંતુ આ સમયે ફાયર એનઓસીની કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. છેલ્લા દિવસોથી ચાલતી તપાસ વચ્ચે આ આવાસ યોજનાને નોટીસ અપાઇ છે. સંચાલક એસો.ને એનઓસીની જવાબદારી યાદ કરાવવામાં આવી છે. જે અંગે મનપામાં રજુઆત થઇ છે. નોટીસ અપાયા બાદની તાત્કાલીક બાટલા સહિતના સાધનો મુકવા કાર્યવાહી થઇ હતી. પરંતુ આ બાટલા પણ એકસપાયરી ડેટના આવ્યા હોવાનું લતાવાસીઓ કહેતા હતા. આ નોટીસથી આવાસ યોજનામાં રહેતા લોકોમાં ફફડાટ મચ્યો છે.

### NSUI દ્વારા NEET પરીક્ષા કૌભાંડ અને GCAS પોર્ટલના છબરડાના વિરોધમાં..

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિને ઘેરાવ કરી સરકારની સદ્બુધ્ધિ માટે હવન કરાયો



## ● નીટ પેપર લીક પ્રકરણમાં ફોરેન્સીક તપાસ કરવાની માંગ સાથે સુત્રોચ્ચાર : પ્રદેશ પ્રમુખ સહિત સાતની ટીંગાટોળી કરી અટકાયત

ભારત હેડલાઇન, તા.૩૦

નીટ પરીક્ષા કૌભાંડ અને જીસીએએસ પોર્ટલના છબરડાના વિરોધમાં એનએસયુઆઇ દ્વારા સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ ડો. નિલામ્બરીબેન દવેનો ઘેરાવ કરી સરકારની સદબુદ્ધિ માટે હવન કર્યો હતો. આ આંદોલનાત્મક કાર્યક્રમમાં પોલીસ દ્વારા એનએસયુના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી સહિત સાત કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. આ અંગે એનએસયુઆઇના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, ધો.૧૨ સાયન્સ બાદ મેડીકલ કોલેજમાં પ્રવેશ માટે નીટની પરિક્ષા લેવામાં આવે છે જેમાં આ વખતે મોટાપાયે ગેરરીતિ થવા પામી છે. કેન્દ્ર સરકાર આ પરીક્ષામાં પેપર લીકનો ઈન્કાર કરી રહી છે. આ મુદ્દે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા તેમજ રાજસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લીકાર્જુન ખડગેજી દ્વારા આ મુદ્દો ઉઠાવાતા તેમના માઇક બંધ કરી દેવામાં આવ્યા હતા. જે દર્શાવે છે કે વર્તમાન સરકારને યુવાઓના ભવિષ્યની કોઇ ચિંતા નથી તેઓ માત્રને માત્ર નીટ કૌભાંડના મોટા માથાઓને છાવરી રહી છે. નીટમાં માત્ર ગ્રેસ માર્કસની સમસ્યા જ નહીં પરંતુ આ પરીક્ષામાં મોટાપાયે ગોટાળા કરવામાં આવ્યા છે. નીટ પેપરલીક પ્રકરણમાં ફોરેન્સીક તપાસની તેઓએ માંગણી ઉઠાવી હતી. તેની સાથોસાથ જણાવ્યું હતું કે નીટ આપનાર ૨૪ લાખ વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ સાથે કેન્દ્ર સરકાર રમત રમી રહી છે. નીટમાં માર્કસ આપવાની પ્રક્રિયા પર મોટા પ્રશ્નાર્થ ઉભા થયા છે. જો પેપરલીકની વાત સાચી ન હોય તો પછી બિહારના પટણામાં એફઆઇઆર દાખલ થઇ છે અને ૧૯ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. તેઓએ સ્પષ્ટ જણાવેલ કે અમોને નીટ પ્રશ્ન પત્ર જવાબ સાથે આપી દેવામાં આવેલ હતું. માટે આ કૌભાંડની તપાસ કરવી અતિ આવશ્યક છે. તેની સાથોસાથ તેઓએ જણાવ્યું હતું કે રાજ્યની સરકારી યુનિ.ઓમાં પ્રવેશની પ્રક્રિયા ઝડપી અને પારદર્શક રીતે થાય તે માટે ચાલુ વર્ષથી કોમન એડમીશન પોર્ટલ જીસીએસ તૈયાર કર્યુ છે. આ પોર્ટલથી પ્રક્રિયા ઝડપી બની હતી. ઉલ્ટાનું બધુ પેચીદી બની છે. અનેક વિદ્યાર્થીઓએ પુનઃ રજીસ્ટ્રેશન કરવાનું કહેવામાં આવ્યું છે. આ પોર્ટલથી ખાનગી યુનિ.ઓને મોટો ફાયદો થયો છે. આ મામલે તેઓએ યુનિ.ના કુલપતિને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

# જીનિયસ ગ્રુપના ચેરમેન ડી. વી. મહેતાના જન્મદિવસની 'સેવા દિન' તરીકે કરાઈ ઉજવણી



ભારત હેડલાઇન, તા.૩૦

જીનિયસ ગ્રુપ ઓફ ઇન્સ્ટીટયુશન્સના ચેરમેન ડી.વી. મહેતાનો જન્મદિવસ ''સેવા દિન'' તરીકે ઉજવવામાં આવ્યો હતો. જેમાં મહારક્તદાન કેમ્પ, જળ સંચય અભિયાન અંતર્ગત બોર રિચાર્જીંગ, ઉમ્મીદ શિક્ષા રથ, વૃક્ષારોપણ, શિક્ષક સેવા કાર્ડ વિતરણ અને મનોદિવ્યાંગ બાળકોને ભેંટ આપી પ્રોત્સાહિત કરવા જેવી પંચામૃત સમાન પાંચ પ્રવૃતિઓ કરવામાં આવી હતી. ફિલ્ડ માર્શલ બ્લડ બેંકના સહયોગથી મહારકતદાન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં વાલીઓ, સ્ટાફ મિત્રો સહિત ૧૦૦ થી વધુ રકતદાતાઓએ રક્તદાન કર્યું હતું.

# રાજકોટનું ગૌરવ : IAS અધિકારી ડો.ધીરજ કાકડીયા પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના બન્યાં સચિવ

ભારત હેડલાઇન, તા.૩૦

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ અને સમસ્ત સૌરાષ્ટ્ર માટે અત્યંત ગૌરવના સમાચાર છે કે રાજકોટ ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ૧૯૯૩ બેચના IIS અધિકારી ડો. ધીરજ કાકડીયા પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સચિવ બન્યા છે. ૧૯૮૨-૮૪ દરમિયાન રાજકોટ ગુરુકુલમાં અભ્યાસ દરમ્યાન ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માં બોર્ડમાં નંબર મેળવી ગુરુકુલનું નામ રોશન કર્યું હતું અને સંતોને ખૂબ રાજી કર્યા હતા. ત્યારથી જ અતિ તેજસ્વી કારકિર્દી ધરાવનાર ડો. કાકડીયાએ LD એન્જિનિયરિંગ કોલેજ, અમદાવાદમાંથી BE ઈલેકટ્રોનિક્સની ડિગ્રી મેળવી છે. ''મહાત્મા : અ ગ્રેટ કોમ્યુનિકેટર'' વિષય ઉપર એમનું પુસ્તક સુપ્રસિદ્ધ છે. આ પુસ્તકની પ્રસ્તાવના ભારત રત્ન ડોક્ટર અબ્દુલ કલામ સાહેબે લખેલી હતી. આજે પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સર્વ પ્રથમ પ્રકાશિત થયેલ સદવિદ્યા માસિકમાં એમના આધ્યાત્મિક લેખો મુમુક્ષુ વાચકોને સત્સંગનું મહામૂલું ભાથું પૂરું પાડે છે. ગુજરાત સરકારમાં મનોરંજન કર કમિશનર, ગ્રામીણ વિકાસ વિભાગમાં અધિક કમિશનર અને કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ વિભાગમાં ડાયરેક્ટર તરીકે પણ તેમણે ફરજ બજાવેલી છે. અગાઉ દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદમાં લગભગ એક દસકા સુધી તેઓ ડાયરેક્ટર પદે રહ્યા હતા. ગુરુકુલ સંસ્કૃતિના પુનરોધ્ધારક પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી વગેરે મોટા સંતોના તેઓ કૃપાપાત્ર રહ્યા છે. હાલમાં ગુરુમહારાજ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી અને મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી સ્વામીના અત્યંત કૃપાપાત્ર શિષ્ય એવા ડો. કાકડીયાને ઉત્તરોત્તર પ્રગતિ કરે તથા એમના હસ્તે ગુરુકુલ, સંપ્રદાય અને રાષ્ટ્રની ખૂબ મોટી સેવા કરે તેવા આશીર્વાદ પાઠવ્યાં હતાં.



# છેતરપિંડી આચરીઃ ફેક્ટરીના મેનેજરના ખાતામાંથી રૂપિયા ૧ લાખ ઉપાડી લેવાયા

ભારત હેડલાઇન, તા.૩૦

શહેરના યુનિવર્સિટી રોડ પર બ્લ્યૂ ડાયમંડ પ્રીમિયર સ્કૂલ પાસે રહેતા અને મેટોડામાં સુપર ટેક કંપનીમાં માર્કેટિંગ મેનેજર તરીકે ફરજ બજાવતા વિપુલભાઇ નટવરલાલ મહેતા (ઉ.વ.૫૨)એ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે બિકાનેરના શિશુપાલનું નામ આપ્યું હતું. ગત તા.૪ જાન્યુઆરીના મોબાઇલ પર ટેક્સ્ટ મેસેજ આવ્યો. જેમાં તા.૭ ડિસેમ્બરથી ૪ જાન્યુઆરી સુધીમાં કટકે કટકે રૂ.૧ લાખ ઉપડી ગયા હતા. બેંક ઓફ બરોડાની કાલાવડ રોડ બ્રાંચે મેનેજરને જઈને વાત કરતાં તપાસ કરતાં બિકાનેરના શિશુપાલ નામ ધારક વ્યક્તિના ખાતામાં રકમ જમા થઇ હતી. તે શખ્સે વિપુલભાઇનો આધારકાર્ડ સંલગ્ન થમ્બ ઇમ્પ્રેશનનો ડેટા કોઇ કમ્પ્યૂટર રિસોર્સ દ્વારા ચોરી કરી તેના આધારે વિપુલભાઇના ખાતામાંથી બારોબાર રકમ ઉપાડી લીધી હતી.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડી૨–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

### ગેમઝોનના પીડિતોને ન્યાય અપાવવાની લડત બાદ..

# રાજકોટ શહેરની માથાનાં દુઃખાવારૂપ ટ્રાફિક સમસ્યા હલ કરાવવા કોંગ્રેસ આવી મેદાનમાં


- પોલીસના ઉચ્ચ અધિકારીઓને માત્ર તોતિંગ દંડ વસુલી ટાર્ગેટ પુરો કરવામાં જ રસ : કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી
- ટ્રાફિકને લગતી ફરિયાદ, સૂચનો મોકલવા અનુરોધ



ભારત હેડલાઇન, તા.૩૦

રાજકોટ શહેરએ મેગાસિટીની હરણફાળ તરફ આગળ ધપી રહેલું શહેર છે. રાજકોટમાં દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી રહી છે. રાજકોટએ સૌરાષ્ટ્રનું પાટનગર સમાન શહેર અને શૈક્ષણિક હબ બની ગયું છે. રાજકોટમાં ટ્રાફિક વ્યવસ્થામાં અંધાધુંધી અને અરાજકતા ફેલાઈ રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર ઓવરબ્રિજ અને અંડર બ્રિજ બનવા છતાં ટ્રાફિક સમસ્યાનો ઉકેલ આવેલ નથી. શહેરના માધાપર ચોકડી, મવડી ચોકડી, રાજનગર ચોક, ચંદ્રેશ નગર ચોક, એસ્ટ્રોન નાલા પાસે, હોસ્પિટલ ચોક, ગ્રીનલેન્ડ ચોકડી, કોઠારીયા રોડ ચોકડી નાલા પાસે, ગોંડલ રોડ ચોકડી, કાલાવડ રોડ, લોધાવાડ ચોક, ઢેબર રોડ, મક્કમ ચોક સહિતના વિસ્તારોમાં ટ્રાફિક જામની સમસ્યા રોજિંદી બની છે. રાજકોટ શહેર પોલીસ અને ટ્રાફિક વોર્ડન ટ્રાફિક નિયમનને બદલે જાહેર ચોકમાં સાઈડમાં બેસી મોબાઈલમાં અને વાતચીતમાં મશગુલ હોય છે અને હાઈવે પર તોડબાજી કરતા જોવા મળે છે અને રાજકોટ શહેરના પોલીસના ઉચ્ચ અધિકારીઓ ને શહેરીજનો પાસેથી તોતિંગ દંડ વસૂલવાનો ટાર્ગેટ આપેલ હોય તેમ સરકારની તિજોરી ભરી રહ્યા છે અને શહેરીજનોના ખિસ્સા પર કાતર ફેરવાઈ રહી છે. રાજકોટ શહેરની ટ્રાફિક સમસ્યા જટીલ બની રહી છે ત્યારે ટ્રાફિક સમસ્યા, ફરિયાદો પ્રશ્નો ઉકેલવા અંગે શહેરીજનો રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના કાર્યાલયે, હોટલ લેમન ટ્રી વાળી શેરી, જિલ્લા પંચાયત ચોક, જાગનાથ પ્લોટ શેરી નંબર ૪૧, રેસકોર્સ સામે, રાજકોટ - ૩૬૦૦૦૧ ખાતે તા. ૧૪/૭ સુધીમાં રૂબરૂમાં અથવા પોસ્ટ દ્વારા બે નકલમાં લેખિતમાં મોકલી આપવા શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા અપીલ કરવામાં આવી છે. આવેલ તમામ વ્યાજબી પ્રશ્નો અને ફરિયાદો અંગે આગામી સમાહમાં રાજકોટ શહેર પોલીસ કમિશનરને ટ્રાફિક સમસ્યા અંગે રજૂઆતો કરાશે તેમ યાદીમાં જણાવાયું હતું.

## જૈનાચાર્ય પૂ.શ્રી.જયશેખર સુરિશ્વરજી મ.આદિની નિશ્રામાં ગાંધીગ્રામ જૈન સંઘના ઉપક્રમે જિનાલયની સાલગીરી ઉજવાશે



ભારત હેડલાઇન, તા.૩૦

તા.૧લીના સોમવારે શ્રી ગાંધીધામ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસંઘના આંગણે જિનાલયની વર્ષગાંઠ જિનશાસન પ્રભાવક આચાર્ય ભગવંત પૂ.શ્રી જયશેખર સુરિશ્વરજી મહારાજ આદિઠાણા તથા સાધ્વીજી ભગવંત શ્રી રત્ન ચૂલાશ્રીજીમ.આદિઠાણા-૧૦ની પાવન નિશ્રામાં ઉજવાશે. તા.૧લીના સોમવારના સવારે નવ કલાકે પૂજ્યગુરુભગવંતોની પાવન નિશ્રામાં ધજારોહણ કરાશે ત્યારબાદ નવકારશીનું આયોજન રજપૂત સમાજની વાડી, વિતરણ સોસાયટી નજીક ૧૫૦ ફુટ રીંગ રોડ, નાણાવટી ચોક પાસે કરવામાં આવેલ છે. નવકારશીના લાભાર્થી સત્યપુન પરિવારના પુનમબેન માલરે તથા અન્ય લાભાર્થીઓમાં ભાવિકાબેન મહેતા પરિવાર આશાબેન શાહ પરિવાર, કુસુમબેન કોઠારી પરિવાર, મંજુલાબેન દોશી પરિવાર તથા સ્વ.મહેન્દ્રભાઈ વોરા પરિવાર છે તેમ યાદીમાં જણાવાયું છે.

## ચોમાસામાં વિજ સપ્લાય મુદ્દે સમીક્ષા બેઠક યોજાઇ

મેનેજીંગ ડિરેક્ટર પ્રિતી શર્માએ તમામ સર્કલનો નિયમિત રીવ્યુ લેવાનો આદેશ કર્યો



ભારત હેડલાઇન, તા.૩૦

મેનેજિંગ ડિરેક્ટર પ્રીતિ શર્મા દ્વારા તા. ૨૭.૦૬ ના રોજ સૌરાષ્ટ્ર કચ્છના ૧૨ જિલ્લાઓના અધિક્ષક ઈજનેરોને ચોમાસા દરમિયાન વીજ પુરવઠો જાળવવા માટે ક્લોઝ મોનિટરિંગ કરવાની સૂચનાઓ પાઠવેલ તથા વિશેષ મુખ્ય ઈજનેરોને આ માટે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી, જેમાં દરેક અધિક્ષક ઈજનેરને મેઈનટેનન્સ રિવ્યુ કરવા ફોલ્ટ રેક્ટીફિકેશન એક્ટિવિટીનું ક્લોઝ મોનિટરિંગ કરવા અને દરેક અધિક્ષક ઈજનેરને પોતાના જિલ્લાની સઘન મુલાકાત કરવાની તાકીદ કરવામાં આવી હતી. પીજીવીસીએલના દરેક જિલ્લાના અધિકારીઓને, જિલ્લા પ્રશાસન સાથે સંપર્કમાં રહેવાની સૂચન પણ કરવામાં આવેલ. મટીરિયલ મેનેજમેન્ટ બાબતે દરેક અધિક્ષક ઈજનેરે પોતાના સર્કલનો રેગ્યુલર રિવ્યુ કરવા અને પૂરતા મટિરિયલની આપૂર્તિ તાપસવાનું જણાવેલ હતું.

આ અંગે મુખ્ય ઈજનેર મટિરિયલને પણ સૂચના આપવામાં આવેલ તેમજ વીજ પુરવઠો જાળવવા પૂરતા મટીરિયલની વ્યવસ્થા જાળવવા તાકીદ કરેલ હતી.

# લોકમેળો રાઈડઝ તથા સ્ટોલમાં ૪૦%ના ઘટાડા સાથે ૧૯ સમિતિઓની દેખરેખ નીચે યોજાશે : કલેક્ટર







## ૨૪થી ૨૮ ઓગસ્ટ દરમિયાન યોજાનારા લોકમેળાના ઉદ્ઘાટન, વીમો, સ્ટોલની હરરાજી, રાઈડઝ, સફાઈ, આરોગ્ય, પાર્કિંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સી.સી.ટી.વી. કેમેરા વગેરે અંગે વિગતવાર ચર્ચા કરાઈ

ભારત હેડલાઇન, તા.૩૦

આગામી જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે રાજકોટ ખાતે યોજાનાર લોકમેળાના આયોજન અંગેની બેઠક કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીએ આ બેઠકમાં સલામતીની તમામ બાબતોનું ચુસ્તપણે પાલન કરવાના તથા મેળાના સુચારુ આયોજન માટે બનાવાયેલી તમામ ૧૯ સમિતિઓના અધ્યક્ષોને તેમની કામગીરી પૂર્ણ સજ્જતા સાથે કરવાના આદેશો આપ્યા હતા. અધિક નિવાસી કલેક્ટર ચેતન ગાંધીએ બેઠકની શરૂઆતમાં ઉપસ્થિત તમામ સમિતિઓના સભ્યોને આવકાર્યા હતા. લોક મેળા અમલીકરણ સમિતિના સભ્ય સચિવ અને પ્રાંત અધિકારી ચાંદનીબેન પરમારે પી.પી.ટી.ના માધ્યમથી લોકમેળાના આયોજન અંગેની તમામ બાબતો આ બેઠકમાં રજૂ કરી હતી.

આ બેઠકમાં મેળાની રાઈડઝ તથા દુકાનોમાં ૪૦ % ઘટાડો કરી યોગ્ય રીતે ક્રાઉડ મેનેજમેન્ટ કરવા, સુરક્ષા માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવા, વાસી ખોરાકનો નાશ કરી લોકોના આરોગ્યની જાળવણી કરવા, છાપેલા ભાવ કરતાં વધુ ભાવે ખાદ્ય સામગ્રીનું વેચાણ ન થાય તેનું ધ્યાન રાખવા, કંટ્રોલરૂમ એમ્બ્યુલન્સ ફાયર સેફ્ટી વગેરેની યોગ્ય વ્યવસ્થા કરવા, સરકારી ફિટનેસ સર્ટિફિકેટ મળ્યા બાદ જ રાઈડઝ ચાલુ કરવા, રાત્રે ૧૧.૩૦ વાગ્યે એન્ટ્રી બંધ કરાવવા, એન્ટ્રી એક્ઝિટ તથા ખોવાયેલા બાળકો માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા, તથા મેળાના ઉદ્દઘાટન તથા પાંચ દિવસ દરમિયાન યોજાનારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, એન.ડી.આર.એફ. અને ડીઝાસ્ટરની ટીમ તૈયાર રાખવા, વગેરે તમામ બાબતો વિશે વિસ્તાર પૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે, ડી.સી.પી. જગદીશ બંગારવા, જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રીબેન વંગવાણી, નાયબ મ્યુનિસિપલ કમિશનર હર્ષદ પટેલ, પ્રાંત અધિકારી નિશા ચૌધરી અને વિમલ ચક્રવર્તી, સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેક્ટર બી.એ. અસારી, એ.સી.પી. યાદવ, ગઢવી તથા રાધિકા ભારાઈ, જિલ્લા યુવા વિકાસ અધિકારી દિહોરા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.કે.પી. સિંઘ, તથા લોકમેળા સાથે સંબંધિત તમામ સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# PGVCLનાં અધિક્ષક ઈજનેર જે.બી. ઉપાધ્યાયને સર્કલ ઓફિસ રાજકોટમાં પ્રમોશન મળતા બહુમાન



ભારત હેડલાઇન, તા.૩૦

રાજકોટ સર્કલ પીજીવીસીએલનાં અધિક્ષક ઈજનેર જે.બી. ઉપાધ્યાયને સર્કલ ઓફિસ રાજકોટ ખાતે પ્રમોશન મળતા તેમનું ગુજરાત ઊર્જા એસ.સી., એસ.ટી. એમ્પ્લોઈઝ એસોસિયેશન દ્વારા ભારતનું બંધારણ તેમજ પુષ્પ ગુચ્છથી સ્વાગત, સન્માન કરવામાં આવ્યું હતું.

જેમાં ગિરીશ પરમાર - પ્રમુખ, જે.એમ. સોસા - જી.એસ., મહેન્દ્રભાઈ ચાવડા - ઉપ પ્રમુખ, એમ.કે. ચાવડા - ખજાનચી, આર.જી. ચાવડા - કાર્યાલય મંત્રી, અનિલભાઈ સારિખડા - એડી. ઝોનલ સેક્રેટરી રાજકોટ, તેમજ વી.ડી. પરમાર - સર્કલ સેક્રેટરી સીટી સર્કલ રાજકોટ, તેમજ કોર્પોરેટ માંથી મનોજભાઈ સોલંકી, સીટી સર્કલ ઓફિસ રાજકોટ માંથી રમેશભાઈ વાઘેલા વગેરે હાજર રહેલ હતાં.

# રાજયના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે હરિત શુક્લાની નિયુક્તિ

ભારત હેડલાઇન, તા.૩૦

ગુજરાત રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે ટુરિઝમ વિભગના અગ્રસિવ તરીકે ફરજ બજાવતા હરિત શુકલાની નિમણુંક કરવામા આવી છે. હરિત શુકલાની રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીના સ્થાને કરવામાં આવી છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજયના નવા ચૂંટણી અધિકારી હરિત શુકલા ૧૯૯૯ની આઈએએસ અધિકારી છે અને તેઓ હાલ ટુરિઝમ અને



એવિએશનમાં પ્રિન્સિપાલ સેકેટરી તરીકે ફરજ બજાવતા હતા. તેમની ટુરિઝમ વિભાગમાંથી બદલી કરીને રાજયના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. તાજેતરમાં લોકસભા ચૂંટણીમાં રાજયની ૨૬ બેઠકની ચૂંટણી મુખ્ય ચૂંટણી કમિશનર પી. ભરતીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.સરકાર દ્વારા નવા અધિકારીની નિમણુંક કરવામાં આવી છે.